**<u>ફોજદારી કેસ નંબરઃ ૧૯૭૧/૨૦૨૬</u>**
**આંક :**

**ગણદેવીનાં મે. એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં ,ગણદેવી.**

**ફરિયાદી ::–** **નામદાર સરકાર.**

**વિરૂધ્ધ**

**આરોપી ::–** **વિરલભાઈ પ્રવિણભાઈ ટંડેલ,**
ઉ.આ.વ.–૨૭,
રહે.વાઘેરચ શ્યામનગર–૨,
તા.ગણદેવી,જિ.નવસારી

**ગુનો :– <u>ગુજરાત પ્રોહીબીશન એકટ ૧૯૪૯ તથા સુધારો ૨૦૧૬ ની કલમ–૬૬(૧)(બી) તથા એમ.વી. એકટની કલમ–૧૮૫ મુજબ</u>**

**<u>:: ઠ રા વ ::</u>**

**૧..** ફરિયાદ પક્ષનાં કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામનાં આરોપી જાહેરમાં પોતાના કબજાના વાહનનું ડ્રાઈવિંગ કરી વગર પાસ પરમીટે દારૂનો નશો કરી, નશાની હાલતમાં લવારા બકવાસ કરતા મળી આવેલા. જેથી ફરિયાદીએ આરોપી વિરૂધ્ધ સરકાર તરફે ફરિયાદ આપતાં, ગુનો રજીસ્ટરે લઈ, તપાસ કરનાર અમલદારે આરોપીને અટક કરી, તપાસનાં અંતે આરોપી વિરૂધ્ધ અત્રેની કોર્ટમાં ગુજરાત પ્રોહીબીશન એકટ ૧૯૪૯ તથા સુધારો ૨૦૧૬ ની કલમ–૬૬(૧)(બી) તથા એમ.વી. એકટની કલમ–૧૮૫ મુજબનાં ગુનાં સબબ ચાર્જશીટ રજુ કરેલ છે.

**૨..** ચાર્જશીટ દાખલ થયા બાદ, આરોપીને સમન્સ કરતાં, આરોપી નામદાર અદાલત રૂબરૂ હાજર થતાં, તેઓને પોલીસ તપાસનાં કાગળોની નકલ વિનાં મૂલ્યે આપવામાં આવ્યા બાદ, આરોપીએ પોતાની ગુનાં કબૂલાત પુરશીશ રજુ રાખેલ છે અને આરોપીએ પોતાની સામેનાં ગુનાંનો એકરાર કરેલ છે અને ત્યાર બાદ આરોપીની પ્લી લેતાં, આરોપીએ ફરીથી ગુનાંનો એકરાર કરેલ છે. આરોપીએ એવી રજુઆત કરેલ છે કે, આ તેઓનો પ્રથમ ગુનો છે, અજ્ઞાનતામાં ગુનો બનવા પામેલ છે, ભવિષ્યમાં ફરી આવો ગુનો ન બને તેની તકેદારી રાખીશું, ગરીબ ઈસમ છીએ, જેથી દયાની અરજ ગુજારેલ છે.

**૩..** આમ, આરોપીની સ્વૈચ્છિક ગુનાં કબૂલાત, આરોપીની રજુઆત, ગુનાંનું સ્વરૂપ,

કેસનાં સંજોગો તથા આરોપીની યુવાન વય વિગેરે લક્ષમાં લેતાં, તેમજ સજાની જોગવાઈ તેમજ હાલના કેસમાં સંજોગો જોતાં, કાયદામાં જેટલી સજાની જોગવાઈ કરવામાં આવેલ હોય, તેના કરતાં ઓછી સજાની જોગવાઈ કરવા અંગે નામ. ગુજરાત હાઈકોર્ટનો ડીવીઝન બેન્ચ નો ચુકાદો **નટવર હરચંદજી ઠાકોર વી. ગુજરાત રાજય ના ૨૦૦૫(૧) જી.એલ.આર.૭૦૯** ના સિધ્ધાંતમા પ્રસ્થાપીત કરેલ છે કે જયારે પુરતા અને વ્યાજબી કારણ હોય ત્યારે આરોપીને કાયદામાં જણાવેલ સજા કરતા પણ ઓછી સજા કરી શકાય છે. તેમજ નામ.ગુજરાત હાઈકોર્ટના ચુકાદા નં.**(૧) રમેશ ભીખાલાલ સોની વી.ગુજરાત રાજય જી.એલ.આર.૨૦૧૩(૨)૯૭૪** તેમજ (૨) **રાજેશકુમાર રતનલાલ સીઘી ૨૦૧૫(૩૮) જી.એચ.જે. પાન નં. ૩૫૪** ના ચુકાદાઓમા પણ જણાવેલ કે જયારે પુરતા અને વ્યાજબી કારણ હોય કાયદામાં જણાવેલ સજા કરતા પણ ઓછી સજા કરી શકાય, જેથી હાલના કેસમા આરોપીની રજુઆત તથા કેસના સંજોગો ધ્યાને લેતા હાલના આરોપીનો પ્રથમ ગુનો છે અને કુટુંબ કબીલાના માણસ છે અને આરોપીના સામાજીક તથા આર્થીક સંજોગો જોતા આરોપીને કાયદામાં જે સજા જણાવેલ હોય તેનાથી ઓછી સજા કરવાથી ન્યાયનો હેતુ જણવાય રહેશે જેથી નીચે મુજબનો હુકમ કરૂ છું.

**:: હુકમ ::**

આરોપીને બી.એન.એસ.એસ.૨૦૨૩ ની કલમ–૨૬૪ અન્વયે, ગુજરાત પ્રોહીબીશન એકટ ૧૯૪૯ તથા સુધારો ૨૦૧૬ ની કલમ–૬૬(૧)(બી) તથા એમ.વી. એકટની કલમ–૧૮૫ ગુનાં અંગે તકસીરવાન ઠરાવી, રૂા.૫૦૦/– (અંકે રૂપિયા પાંચસો) પુરા દંડ, દંડ ન ભરે તો દિવસ–૦૩ (ત્રણ)ની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે.

હુકમ આજ રોજ ગણદેવી મુકામે ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

**( ધર્મેશ પ્રવિણચંદ્ર ઓઝા )**
એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
ગણદેવી, જિ.નવસારી–જીજે.૦૧૧૧૦

ગણદેવી.
તા. ૨૩/૦૬/૨૦૨૬.

**નાઝરનો રીપોર્ટ કે રસીદ નં......... થી તા.૨૩/૦૬/૨૦૨૬ નાં રોજ રૂા.૫૦૦/– અંકે રૂપિયા પાંચસો પુરા દંડ પેટે જમા લીધા છે.**

**નાઝર સિવિલ કોર્ટ, ગણદેવી.**